પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# -: જાહેરનામું :-

**:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::**

**ક્રમાંક : એસ.બી./ ટેક્ષટાઇલ માર્કેટ અંગે/ ૧૮૨ /૨૦૨૨.**

સુરત શહેરમાં ટેક્ષટાઇલ માર્કેટમાંથી ચોરી, પાર્સલ ચોરી, ટ્રાન્સપોર્ટર દ્વારા વિશ્વાસઘાત, છેતરપીંડીના બનાવો બને છે. કપડાના વેપારીના ઓછાયા તળે કેટલાક ઠગો ખોટી ઓળખ ધારણ કરી, વેપારી રૂપે ગોઠવાઇ જઇ, વિવર્સ, વેપારી એમ્બ્રોઇડરી કે કાપડની મુલ્યવૃધ્ધિના વ્યવસાયકારોનો વિશ્વાસ કેળવી મોટાપાયે કાવતરૂ રચી ઠગાઇઓ કરે છે. તેના વ્યાપક પ્રત્યાઘાત ભોગ બનનાર વેપારી આલમમાં પડે છે. જે સામુહિક રીતે કાયદો અને વ્યવસ્થા ખોરવવાના બનાવરૂપે તેમજ વ્યક્તિગત રીતે ઘોર નિરાશા સાથે આત્મહત્યાના બનાવ કે વ્યાપારીઓના વિશ્વાસના ભંગ કરતા બનાવમાં વધારા રૂપે શહેરના ટેક્ષટાઇલ વ્યાપારના માહોલને દુષિત કરે છે. આ બાબતથી ચિંતિત અનેક વેપારી સંગઠનોએ ટેક્ષટાઇલ માર્કેટમાં ગેરરીતી અટકાવવા તેઓના પ્રયાસોને કાનુની બળ આપવા અને પ્રત્યક્ષ પોલીસ મદદ આપવા વારંવાર રજુઆતો પણ કરેલ છે. આ બદીના નિવારણ માટે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગર અને મજુરો, વેપારીઓ, કાપડના વિવિધ પ્રકારના દલાલો, ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલ ઇસમો, દુકાન-ગોડાઉન-મકાન ભાડે અપાવતા એસ્ટેટ બ્રોકર્સ વિગેરેની ઓળખ નિયત કરવા, ભાડે થી દુકાન મેળવનાર વેપારી પર સતેજ નજર રાખવા, તેઓની વ્યવસાયની રીતે ગુનાઓની તપાસ વખતે મદદરૂપ થાય તે રીતે ગોઠવવા અને આ સબંધે પોલીસ ઉપરાંત માર્કેટ એસોસીએશન, દલાલ એસોસીએશન, ટ્રાન્સપોર્ટર્સ એસોસીએશન પણ વ્યવસાયની ગરિમા અને વેપારી હીતોના રક્ષણ કરવા, વિવિધ રેકર્ડ જાળવવા અને નીતિમત્તા આધારિત રીતભાતો નક્કી કરી વેપારની ગરિમા જાળવવા સહભાગી બને તે માટે તેમ વિવિધ ટ્રેડર્સને/ફેડરેશનને કાનુની બળ પુરૂ પાડવું જરૂરી સમજી અમુક નિર્દેષો તત્કાલ જારી કરવા હું આવશ્યક સમજુ છું.

**:: હુ ક મ ::**

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર,ફોજદારી કાર્યરીતી અધિનિયમ- ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) ટેક્ષટાઇલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ વેપારી પેઢીઓ અને દુકાનદારોએ પોતાની વિગત આ પેટામાં સામેલ સ્થાનિક પોલીસ સ્ટેશન પરિશિષ્ટ – ૧ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન;, માર્કેટ એસોસીએશનની કચેરી અને સંબંધિત ટેક્ષટાઇલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે..

(૨) ટેક્ષટાઇલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ પ્રકારના દલાલો (Brokers) દા.ત. ગ્રે કાપડ દલાલ, ફીનીશ કાપડ દલાલ, એમ્બોઇડરી દલાલ, યાર્ન દલાલ વિગેરે અને દુકાન મિલકત ભાડે આપનાર દલાલોએ પોતાની સંપૂર્ણ વિગત આ પેટામાં સામેલ પરિશિષ્ટ – ૨ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન, સબંધિત દલાલ એસોસીએશન અને સંબંધિત ટેક્ષટાઇલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે. દરેક દલાલ માટે પોલીસ વેરીફિકેશન કરાવવુ ફરજીયાત રહેશે.

(૩) ટેક્ષટાઈલ વ્યાપારક્ષેત્રે કામ કરતી તમામ પેઢીઓએ પોતાના તમામ કર્મચારીઓની વિગત જાળવી દરેક કર્મચારીની બાયોમેટ્રીક વિગત અને ફોટા સાથેનું ઓળખકાર્ડ આપવાનું રહેશે. આ ઓળખકાર્ડમાં સબંધિત કર્મચારીનું બ્લડગૃપ અને પેઢીના જનસંપર્ક વિભાગનો મોબાઈલ નંબર આપેલ હોવો જોઈશે. ઓળખકાર્ડ સબંધિત એકમ/માર્કેટની સલામતી વ્યવસ્થા અને ઉપકરણોને અનુરૂપ હોવું જોઈશે. ટેક્ષટાઈલના વિવિધક્ષેત્રે કાર્યરત દલાલો માટેનું ઓળખકાર્ડ સબંધિત દલાલ એસોસીએશન તથા સંબંધિત ટેક્ષટાઇલ એસોસીએશન દ્વારા પ્રમાણીત કરેલુ હોવું જોઈએ. દરેક માર્કેટ એસોસિએશન અને વેપારી ગૃહ કે એક થી વધુ વેપારી પેઢી સમાવિષ્ટ કરતા બિલ્ડીંગની વ્યવસ્થા સંભાળનાર મંડળે તે માર્કેટ/ બિલ્ડીંગમાં અને સલામતિ વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ, માર્કેટ જાળવણીનું કામ કરતી એજન્સીના અધિકૃત વ્યક્તિઓ તેમજ મજૂર કે હમાલોને ફોટો ઓળખપત્ર જારી કરવાના રહેશે. આ તમામ ઓળખપત્રો અધ્યતન ટેક્નોલોજી યુક્ત સલામતિ વ્યવસ્થા ઉપકરણોને અનૂરૂપ અને ઓળખપત્ર ધારકની બાયોમેટ્રીક વિગત સાથેના હોવા જોઇશે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર **વિસ્તારમાં તા. ૨૩/૧૧/૨૦૨૨ ના ક.00/00 થી તા.૨૧/૦૧/૨૦૨૩ ના ક.૨૪/00** સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય 'ન' હોવાથી આથી હું આ એક તરફથી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઇટ ઉપર હુકમની નકલ ચોંટાડી/મૂકી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ પી.આર.ઓ. કચેરી મારફતે પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે.ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તા. ૨૧/૧૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ૧,૨ તથા ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નેરશ્રી, તમામ સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત
(૧૯)) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)